ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ દ્વારા 'ટોબેકો કંટ્રોલ' વિષય પર વર્કશોપનું આયોજન

## વર્કશોપને વિદ્યાર્થીઓનો અદભૂત પ્રતિસાદ : વિદ્યાર્થીઓ એ વકતૃત્વ સ્પર્ધા તેમજ માઇમ અને મિમિક્રી, એંકરિંગ દ્વારા વ્યસન મુક્તિના ગંભીર વિષયને શ્રોતાજનો સમક્ષ ઉત્કૃષ્ટ રીતે રજૂ કર્યો





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ વર્ષ પર્યંત વિદ્યર્થીઓ ના સર્વાંગીવિકાસ માટે સાતત્યપૂર્ણ અનેકવિધ પ્રવૃતિ નું આયોજન ના ભાગરૂપે ઉપરોક્ત વર્કશોપનું આયોજન કરવા માં આવ્યું હતું.સાંપ્રત સમય માં વ્યસન એ સમસ્યાજ નહીં પણ એક મોટો પડકાર બની સામે આવી છે. ત્યારે સમગ્ર વિશ્વ માં આ બાબતે ચિંતન ચાલી રહ્યું છે. આપણી બીબીએ કોલેજ પણ સામાજિક જવાબદારી ના ભાગ રૂપે વર્કશોપ નું આયોજન કર્યું હતું. જેમાં ગુજરાત સરકાર ના પ્રતિનિધિ ડો.યોગીતા તુલ્સીયન (ડિસ્ટ્રિક્ટ સર્વેલન્સ ઓફિસર) ડો.કમલેશ પરમાર નોડલ ઓફિસર સાથેસાથે બ્રહ્માકુમારી સંસ્થા તરફ થી બીકે કૃપલબેન તેમજ બીકે મીરાબેન ઉપસ્થિત રહ્યા હતા. તેઓ એ વિદ્યાર્થીઓ ને મોટીવેશનલ સ્પીચ આપી હતી.કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવા માં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકાર ના નશા થી પોતે અને સમાજ ને દૂરરહેવા હાકલ કરી હતી. કોલેજ ના ઉપાચર્ય ડો. જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને આગળ ની પ્રવૃત્તિઓ માટે સજ્જ કર્યા હતા. ડો.યોગીતા તુલ્સીયન દ્વારા વિદ્યાર્થીઓ ને અદભૂત માર્ગદર્શન આપ્યું હતું. સરકારશ્રી ની વિવિધ પ્રવૃતિઓ બાબતે વિદ્યાર્થીઓ ને માહિતગાર કર્યા હતા. તેમજ ડો. કમલેશ પરમાર સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને વ્યસન થી થતી મુશ્કેલીઓ અને તેની ભયાનકતાઓ બાબતે વિદ્યાર્થીઓ ને ખૂબ ઉપયોગી માહિતી આપી હતી. જેમાં તેઓ એ ઉપયોગી દ્રષ્ટાંતો તેમજ તેમના વ્યક્તિગત અનુભવો નું ભાથું વિદ્યાર્થીઓને પીરસ્યું હતું. આજનું યુવાધન કારકિર્દી ના ઘડતર માં અગ્રેસર રહે તેમજ વ્યસન ના દૂષણ થી દૂર રહે તે આજના કાર્યક્રમ નું મુખ્ય લક્ષ્ય હતું.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડો.નીરવ જોશી દ્વારા કરવા માં આવ્યું હતું.કાર્યક્રમની સાથે સાથે વ્યસન ના આધારે જુદા જુદા વિષય પર કોલેજ ના ૧૨ વિદ્યાર્થીઓ એ વકર્તૃત્વ સ્પર્ધા માં ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ ક્રમે મેઘા પટેલ દ્વિતીય બ્રિજરજસિંહ જાડેજા તેમજ તૃતીય ક્રમે બ્લેસન બાબુ તૃતીય રહ્યા હતા. જેઓ ને ટ્રોફી થી સન્માનવા માં આવ્યા હતા. સાથે સાથે તૃતીય વર્ષ ના વિદ્યાર્થીઓ એ વ્યસન ના દુષ્પરિણામ વિષય પર માઈમ રજૂ કરી હતી. કુલ ૨૪ વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધા માં ભાગ લીધો હતો જ્યારે ૧૮ વિદ્યાર્થીઓ ની કમિટી એ સમગ્ર વ્યવસ્થાપન કાર્ય કર્યું હતું. આજના કાર્યક્રમમાં કુલ ૬૫૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તજજ્ઞશ્રીના ઉદબોધન બાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી કરવા માં આવી હતી. કાર્યક્રમ ના સમાપન બાદ અલ્પાહાર ની વ્યવસ્થા કરવા માં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યુ હતું કે આવા સેમિનાર તેમની કારકિર્દી ના ઘડતર માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. ભવિષ્ય માં પણ આવી તક પ્રાપ્ત થાય તો તેઓ તેને ઝડપી લેવા તત્પર રહેશે.

વર્કશોપ ને સફળ બનાવવા કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિનાં હેડ ડો.જયેશ તન્ના અને ડો. નીરવ જોશી તેમજ કોલેજ પરિવાર દ્વારા ખુબ જ પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



અંબુસિંહ ગોલ
ડિરેક્ટર
આકાશ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ.
ટ્રસ્ટી
શ્રી કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટ
મો. ૯૮૨૫૫ ૨૩૫૩૫



હેતલ પી પટેલ
મો. ૯૮૨૫૨ ૯૦૩૨૨



રાજદીપસિંહ વાઘેલા
મો. ૭૩૮૩૭ ૪૯૭૫૬



જયેન્દ્રસિંહ ગોહિલ
મો. ૯૯૭૪૨ ૨૨૭૫૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર ખાતે ગાંધીજીની ૧૫૦મી જયંતિ સપ્તાહનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ અન્વયે 'ગાંધી-સપ્તાહ'નો આજથી આરંભ થયો.

જેમા આજે સુંદર પ્રાર્થના સભાથી આ સપ્તાહના શુભારંભમાં તેમના જીવનની ઝાંખી દર્શાવતી લઘુનાયિકા, તેમના પ્રિય ભજનો અને છાત્રો દ્વારા તેમની વિશાળ મુખાકૃતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ સપ્તાહ દરમિયાન વિભિન્ન કક્ષાઓની પ્રવૃત્તિઓના ભાગરૂપે ચર્ચાસત્રો, એકપાત્રી અભિનય, ચિત્રસ્પર્ધા, આશ્રમભજનો, દાંડીકુટીર યાત્રા, ગાંધીજીના જીવન આધારિત વિભિન્ન ડોક્યુમેન્ટ્રી અને ટેલિફિલ્મનું નિદર્શન જેવા અનેક કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે.

## ઓમ લેન્ડમાર્ક સ્કૂલ મોટા ચીલોડા ખાતે ૧૫૦મી ગાંધી જયંતિને 'નશા વિરોધ દિવસ' તરીકે ઉજવાઈ



ઓમ લેંડમાર્ક સ્કૂલ મોટા ચીલોડા ખાતે ૧૫૦ મી ગાંધી જયંતિને નશા વિરોધ દિવસ તરીકે મનાવવામાં આવ્યો. આ અવસર ગુજરાત સરકારના નશા અને આબકારી વિભાગ દ્વારા 'નશા બંધી સપ્તાહ' ના રૂપમાં મનાવવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સુનિલ કુમાર - નિયામક શ્રી નશા અને આબકારી ગુજરાત રાજ્ય, પુલક ત્રિવેદી- સેક્રેટરી ગુજરાત પ્રેસ એકેડમી એન્ડ જોઈન્ટ ડાઈરેક્ટર ઓફ ઈન્ફર્મેશન ગાંધીનગર, એમ.આર. ચૌહાણ - હિસાબી અધિકારી અનુસુચિત જાતી કલ્યાણ વિભાગ, ગિરીશ રાવલ - મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ઓમ લેંડમાર્ક સ્કૂલ, અશોક રાવલ - ટ્રસ્ટીશ્રી ઓમ લેંડમાર્ક સ્કૂલ, સઈદા કોવડીયા - કેમ્પસ ડાઈરેકટર, તેમજ નશાબંધી અને આબકારી વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ અવસર પર બધાજ વક્તાએ ગાંધીજીના વિચાર નો આગ્રહ રાખવાની વાત કરી. સ્કૂલના બાળકો એ પણ ગાંધી જયંતિ તેમજ નશાબંધી ઉપર સ્પીચ આપી હતી.

# ચિનુ મોદીના જન્મદિને પ્રસંગે 'જલસો' કાર્યક્રમનું આયોજન





ઓમ કૉમ્યુનિકેશન,કૃતિ ફિલ્મ્સ સોસાયટી અને ચિનુ મોદી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે તારીખ, ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯,સોમવારના રોજ,સાંજે ૬-૦૦ કલાકે, રા.વિ.પાઠક સભાગૃહ,ગુજરાતી સાહિત્ય પરિષદ,ટાઈમ્સ ઓફ ઈન્ડીયાની પાછળ,નદી કિનારે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ,નાટ્યકાર,નવલ કથાકાર, વાર્તાકાર, વિવેચક ચિનુ મોદી'ઈર્શાદ'ના ૮૧-મા જન્મદિન પ્રસંગે 'જલસો 'કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના પ્રારંભમાં ચિનુ મોદીના સુપુત્ર ઉત્પલ મોદીની ફિલ્મ, ચિનુ મોદી લિખિત'બકરી'ની કલેપ આપીને મુહર્ત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં 'ગુજરાતી ફિલ્મનો સાહિત્ય સાથે નાતો' વિશે શ્રી સતીશ વ્યાસ,માધવ રામાનુજ,જય વસાવડા,શ્યામલ મુનશી,સૌમ્ય જોષી, તુષાર શુક્લ, દીપ્તિ જોષીએ વકતવ્ય આપ્યું. સંચાલન શ્રી સુભાષ બ્રહ્મભટ્ટએ કર્યું.ત્યારબાદ 'શનિસભા:કવિસંમેલન'માં કવિશ્રી કૃણાલ શાહ, વિપુલ પરમાર, ઋષિ દવે, જિજ્ઞા મહેતા, ચેતન શુક્લ, પ્રતાપસિંહ ડાભી'હાકલ', રમેશ દરજી, ઈંગિત મોદી, યજ્ઞેશ વ્યાસ, વિરલ દેસાઈએ પોતાની સ્વરચિત કવિતાનો પાઠ કર્યો.

શનિસભા કવિસંમેલનની પૂર્વભૂમિકા અને સંચાલન કવિશ્રી રાજેશ વ્યાસ'મિસ્કીન'એ સંભાળ્યું હતું.નાટ્ય અને ફિલ્મ સાથે સંકળાયેલ કલાકાર-કસબીઓ શ્રી માધવ રામાનુજ,અભિષેક શાહ,પ્રિયકાંત મહેતા,સૌમ્ય જોષી,તેજલ શાહ,અર્ચન ત્રિવેદીનું વિશેષ યોગદાન બદલ શાલ,પુસ્તક અને સ્મૃતિચિન્હથી સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે નાટક,ફિલ્મ અને ટીવી સીરિયલના જાણીતા કલાકાર-કસબીઓ અને સાહિત્યના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહ્યાં હતા.આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી.

'શનિસભાઃકવિસંમેલન'માં કવિઓએ કરેલી રજૂઆત :

આ આયનો ફુટી ગયાની વાત બસ કે'વી નથી,
બિંબો મને લૂટી ગયાની વાત બસ કે'વી નથી.
- રમેશ દરજી.

ભૂખ કેરોસિનનો અક્ષય કેરબો,
ક્યાં સુધી રહેશે જગત સળગ્યા વગર.
- કુણાલ શાહ.

જે આવે ને છંદોલયનું ઓઢણ ઓઢી,
લાખ ભલે હો ગોરીગોરી, શું કરવાની !
- વિપુલ પરમાર

બાપ સમજી ને પછી એણે સફર માંડી હતી
લાજ દરિયો નાવડીની લુંટશે તો શું થશે?
- ઋષિ દવે

પર્વત ચીરી નદી નીકળી દરિયો ફાડી સુરજ,
હ્રદય સોંસરો જીવ નીકળ્યો પડતો મૂકી બુરજ.
- ઈંગીત મોદી.

બધા માનતા પંખી માટે તમે તમારી કોઠીમાં તો ચણ રાખો છો,
તમે ખરા ખેપાની નીકળ્યા એમાં તો સંતાડીને ગોફણ રાખો છો.
- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'

વાસુ ઉઘાડું છું રોજ કમાડ હું,
જાળવું જાળાંના થર,
ખૂબ મનાવ્યું મન ના માન્યું,
ધરતીનો છેડો ઘર.
- યજ્ઞેશ વ્યાસ.

સમયવર્તે સમયનો પણ સમયપલટો થશે એવો,
સમયનું શબ સમય પર ઉંચકી હું દોડવાનો છું.
- ચેતન શુકલ 'ચેનમ'

બાપ ગઝલ છે માત ગઝલ છે,
મારી આખી જાત ગઝલ છે.
- વિરલ દેસાઈ

શ્વાસની આ આવ-જા મોંઘી પડે,
ત્યાં તને હું કઈ રીતે ધારણ કરું.
- જિજ્ઞા મહેતા

# ૧૫૦મી ગાંધી જયંતિના ઉપલક્ષમાં શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાયા





ગાંધીનગર, તા. ૨

રમીલાબેન એસ ચૌધરી આચર્યાબેન શ્રી જે.એમ.ચૌધરી શાળા માં ગાંધીજયંતી નિમિત્તે એન.સી.સી કેડેટ્સ તથા એન.એસ એસના સ્વયંસેવકો દ્વારા એક રેલીનું આયોજન કર્યુ તથા પ્લાસ્ટિક મુક્ત ભારત અંતર્ગત ..પ્લાસ્ટિક કચરો ઊપડ્યો તથા ઘર ઘર જઈ લોકોને સ્વચ્છતા જાવળવવાની અપીલ કરી .આ કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન ઠાકર તથા શ્રી ભાવનાબેને કર્યુ .

સર્વધર્મ પાર્થના , ગાંધીજીના મહાવ્રત, ગાંધીજી વિશે એકપાત્રીય અભિનય, સ્વચ્છતા વિશે એક નાટક, ગાંધીજીના ગીતો, ગાંધીજીની પાર્થના વૈષ્ણવ જન.., ગાંધી જીવન જરમર પર વક્તવ્ય શ્રી કોકિલાબેન ગોહિલે કર્યુ. સ્વચ્છતા વિશે પ્રતિજ્ઞા લેવડાવી, આ કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના હોદેદારો સર્વ શ્રી સેન્ધાભાઇ ચૌધરી તથા શ્રી શંકરભાઇ ચૌધરી ઉપસ્થિત રહ્યાં.